વેસ્ટર્ન ટાઇમ્સ
WESTERN TIMES
અમદાવાદ, ગાંધીનગર તથા અંગ્રેજી આવૃત્તિ સહિત પ્રગટ થતું દૈનિક

Gandhinagar 20 September, 2018

# વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને પ્રતિભાનું પરિચય કરાવતું વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૮

**વલસાડ,**

૧૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના દિવસે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં ધરમપુર અને કપરાડા વિસ્તારના શાળા વિકાસ સંકુલ કથાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુળ આ પ્રદર્શનના સહઆયોજક ધરમપુર અને કપરાડાની ૪૮ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના, ૯માંથી લઈને ૧૨માં ધોરણ સુધીના વિદ્યાર્થીઓની કુલ મળીને ૫૭ કૃતિઓની આ પ્રદર્શનમાં રજૂઆત થઈ હતી. પ્રદર્શનનો વિષય હતો. જીવનના પડકારો માટે વૈજ્ઞાનિક ઉકેલો.

એમ કહેવાય છે કે નેક્સેસસીટી ઈઝ ધ મધર ઓફ ઈન્વેન્શન્સ, આવશ્યકતા એ દરેક આવિષ્કારની જનની છે. આથી જો વૈજ્ઞાનિક અભિગમ સાથે આ પડકારોના ઉકેલ લાવવામાં આવે તો સમાજને તે ઘમા ઉપયોગી થઈ પડે. વિદ્યાર્થીઓએ અત્યંત નિષ્ઠાપૂર્વક આ પડકારોના ઉકેલો શોધ્યા અને તેના મોડેલો અહીં રજૂ કર્યા હતાં. દરેક મોડેલ પાછળ ખૂબ મહેનત લેવામાં આવી હતી. આ મોડેલો થકી આ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા અને બુદ્ધિમત્તાના દર્શન થયાં. આમ આ પ્રદર્શને તેઓને તેમની પ્રતિમા દર્શાવવાની ઉત્તમ તક આપી. આખરે નિર્ણાયકોના મત મુજબ પાંચ મોડેલને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતાં. વિજ્ઞાન પ્રદર્શનનું ખૂબ જ સુંદર આયોજન અને સવલતો પૂરી પાડવા બદલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રતિનિધિઓએ શ્રીમદ્ રાજવંદ્ર ગુરુકુળની ખૂબ સરાહના કરી હતી. આ પ્રદર્શનમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલસાડનાં પ્રાચાર્યવર્ષાબેન કાપડિયા, ડો.પંકજભાઈ દેસાઈ, કપિલભાઈ વસાણી તથા જિલ્લા શિક્ષણાધિકારીની ક્ચેરી, વલસાડના સંદીપભાઈ પટેલ અને ૪૦ શાળાઓના આચાર્યઓ, રાજચંદ્ર મિશન ધરમપુરના ટ્રસ્ટીઓ હીરેનભાઈ શાહ તથા ધવલભાઈ મહેતા, શિક્ષકો તથા આશરે ૩૦૦૦ વિદ્યાર્થીઓ ઉપસ્થિત હતા. આ સુંદર તકનો લાભ લઈ આ વિસ્તારની ૨૦ શાળાઓના આચાર્યઓ સાથે શિક્ષણમાં આવતી તકલીફો અને તેના ઉપાયો માટે એક શિક્ષણ ચિંતન બેઠકનું આયોજન રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજીની પ્રેરણા અને શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈના સમર્થ માર્ગદર્શન હેઠળ-વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે ઈ.સ.૨૦૧૧થી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરની વિજ્ઞાન શાખાની સ્કૂલ 'શ્રીમદ્ રાજચંદ્ર ગુરુકુલ' કાર્યરત છે. ૧૨માં ધોરણની પરીક્ષા પાસ કર્યા બાદ રાજચંદ્ર ગુરુકુળના ૨૦૦ જેટલાં વિદ્યાર્થીઓ બી.એસ.સી. ૧૦૦થી વધુ એન્જીનીયરીંગ, ૯૦ જેટલાં નર્સીંગ કોર્સમાં તો પાંચ વિદ્યાર્થીઓ મેડીકલ અને ડેન્ટલ કોર્સમાં જોડાયા છે !વળી ધરમપુર અને કપરાડા તાલુકાના ૨૩૮ ગામો વચ્ચે એક માત્ર સાયન્સ કોલેજ 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ' બી.એસ.સી. અને એમ.એસ.સી.નો અભ્યાસક્રમ ધરાવે છે. વિદ્યાર્થીઓ સર્વાંગી વિકાસ અર્થે અહીં અદ્યતન સુવિધાઓ ઉપરાંત વ્યક્તિગત વિકાસ પ્રવૃત્તિઓ સાથે જીવન મૂલ્યો આધારિત શિક્ષણ આપવામાં આવે છે. આમ વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ લેવા અને કારકિર્દી બનાવવા ઉત્સુક વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર અને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ શહેર જેવી સુવર્ણ તકો ઘરઆંગણે આપી રહી છે !★